હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

આ વખતે ગાંધી જયંતિ અને સફાઈ અભિયાન બેઉ ભેગુ થયું એટલે... મે ટકો કરાવીને મારો ફાળો આપવો એવું નક્કી કર્યું...

બોર્ડ-નિગમ, સરકારી સાહસો, નગરપાલિકાના કર્મચારી મહામંડળ દ્વારા બુધવારના રોજ જુના સચિવાલય બ્લોક નં.૭ ભોંયતળીયે સુત્રોચ્ચારનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કર્મચારીઓએ સરકારની ભાગલાવાદી નિતીનો વિરોધ કર્યો હતો.જયારે કર્મચારીઓએ એરીયર્સની માંગ સાથે કર્મચારી એકતાના નારા લગાવી સરકારની નિતી વિરુધ્ધ સુત્રોચ્ચાર કરી પોતાનો રોષ ઠાલવ્યો હતો. આ પ્રસંગે બોર્ડ નિગમના કર્મચારી મંડળના પ્રમુખ પ્રવિત સુતરીયા તેમજ કર્મચારીઓ મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

ગુમ આઈબી પીએસઆઈ અનિલ પરમાર ઘરે પરત ફર્યા

હરિદ્વાર પહોંચી બે દિવસ અગાઉ આત્મહત્યા કરવાનું વિચાર્યુ હતુ અને પત્ની સાથે વાત કરી હતી પરંતુ દિકરી સાથે વાત કરતા પડી ભાંગી પરત ઘરે આવી ગયા હતા

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરમાં પોલીસભવન ખાતે નોકરી કરતા પીએસઆઈ અનિલ પરમાર છેલ્લા ઘણા દિવસોથી પોતાના સિનિયર અધિકારીઓના ત્રાસ અપાતો હોવાના આક્ષેપ સાથે રહસ્યમય રીતે ગુમ થઈ ગયા હતા. જો કે આજે સવારે ગુમ પીએસઆઈ અનિલ પરમાર ગાંધીનગર ખાતે પોતાના ઘરે પરિવાર પાસે આવી ગયા છે. તેઓ ગાંધીનગરથી હરિદ્વાર જતા રહ્યા હતા. આ મામલે ગાંધીનગર એલસીબીની ટીમે તપાસ અને નિવેદનની પ્રક્રિયા શરૂ કરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગાંધીનગર પોલીસ ભવન ખાતે આઈબી પીએસઆઈ તરીકે અનિલ પરમાર ફરજ બજાવે છે. છેલ્લા કેટલાક દિવસથી તેઓ રહસ્યમય રીતે ગુમ થઈ ગયા હતા અને આ પહેલા ત્રણ પાનાની એક ચિઠ્ઠી છોડીને જતા રહ્યા હતા. જેમાં તેમણે પોતાના સિનિયર અધિકારીઓ ઉપર આક્ષેપ કર્યો હતો કે તેઓ ચોક્કસ જ્ઞાતિના હોવાને કારણે તેમને પરેશાન કરવામાં આવી રહ્યા છે. પીએસઆઈ અનિલ પરમારના આ પગલે પોલીસતંત્ર અને પરિવારજનો ચિંતામાં મુકાઈ ગયા હતા. આ મામલે પોલીસ વિભાગે પણ પ્રેસ વાર્તા કરી સંપૂર્ણ હકીકત સમજાવી અનિલ પરમારને ઘરે પરત આવી જવા વિનંતી કરી હતી.

આજે બુધવારની સવારે અનિલ પરમારના પરિવાર દ્વારા ગાંધીનગર પોલીસને જાણ કરવામાં આવી હતી કે ગુમ થયેલા અનિલ પરમાર પોતાના ઘરે પરત ફર્યા છે. જાણકારી મળતાં જ એલસીબીના અધિકારીઓ તત્કાળ તેમના ઘરે પહોંચ્યા હતા.

પોલીસની પ્રાથમિક પુછપરછમાં અનિલ પરમારે જણાવ્યુ હતુ કે ખાતાકીય તપાસને કારણે તેઓ માનસિક રીતે ત્રસ્ત હતા. જેના કારણે તેઓ ગાંધીનગર છોડી નીકળી ગયા બાદ હરિદ્વારમાં રોકાયા હતા. બે દિવસ પહેલા તેમણે આત્મહત્યા કરવાનો નિર્ણય કર્યો હતો. અનિલ પરમારે આત્મહત્યા કરતા પહેલા પોતાના પરિવાર સાથે વાત કરવા માટે ચાની કિટલીવાળા પાસેથી મોબાઈલ ફોન લીધો હતો અને પોતાની પત્ની સાથે વાત કરી હતી. પરંતુ ત્યારે દીકરી સાથે વાત થતા તેઓ ભાંગી પડ્યા હતા અને આત્મહત્યાનું માંડી વાળ્યુ હતુ તથા તેઓ હરિદ્વારથી સીધા ગાંધીનગર ઘરે પહોંચ્યા હતા. આ મામલે હવે ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચ તપાસ અને નિવેદનો લેવાની પ્રક્રિયા કરી રહી છે.

પેથાપુર રામદેવ મંદિર ખાતે ડાયરો યોજાયો

ગાંધીનગર, તા. ૩

કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ દ્વારા પ્રેરીત તથા જિલ્લા રમત-ગમતની કચેરી, ગાંધીનગર અને આકાશ સમાજ સેવા ટ્રસ્ટ, ગાંધીનગર દ્વારા મહાત્માં ગાંધી જયંતિની પૂર્વ સંધ્યાએ એન.સી. ચૌહાણ તથા સાથી કલાકારો દ્વારા પરંપરાગત પ્રસાર પ્રચારના માધ્યમોના કાર્યક્રમનું આયોજન તા. ૧-૧૦-૧૮ના રોજ રામદેવ મંદિર, પેથાપુર ખાતે સાંજે ૭ કલાકે કરવામાં આવેલ હતુ. જેમાં કલાકારો એન.સી. ચૌહાણ, લતાબેન ગોહિલ, નગીન બારોટ, ભરત ઠાકોર, કમલેશ સોલંકી વગેરે ડાયારાની મોજ કરાવી હતી. આ પ્રસંગે પેથાપુરના સમસ્ત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

રાજ્ય પંચાયત સેવા કર્મચારી મહામંડળની વાર્ષિક સાધારણ સભા અંબાજી ખાતે યોજાશે

ગાંધીનગર જિલ્લા પંચાયત વર્ગ-૩ કર્મચારી મંડળના સભ્યો ઉપસ્થિત રહેશે

ગાંધીનગર, તા. ૩

ગુજરાત રાજ્ય પંચાયત સેવા કર્મચારી મહામંડળની વાર્ષિક સાધારણ સભાનું તા. ૭મી ઓક્ટોબર, રવિવારના રોજ સવારે ૧૦.૩૦ કલાકે અંબાજી મુકામે ચૌધરી વિશ્રાંતિ ગૃહ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. આ વાર્ષિક સાધારણ સભામાં ગાંધીનગર જિલ્લા પંચાયત વર્ગ-૩ કર્મચારી મંડળના સભ્યોને પણ ઉપસ્થિત રહેવા પ્રમુખ પ્રકાશ ત્રિવેદી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

ગુજરાત રાજ્ય પંચાયત સેવા કર્મચારી મહામંડળના પ્રમુખ પ્રકાશ ત્રિવેદીએ અખબારી યાદીમાં જણાવ્યું છે કે મહામંડળની વાર્ષિક સાધારણ સભામાં સિનીયર ક્લાર્કની જગ્યા નાયબ ચીટનીસ સંવર્ગમાં અપગ્રેડ કરવા, નાયબ ચીટનીસ સંવર્ગના પગારધોરણમાં રહેલ વિસંગતતા દૂર કરવા, સિનીયર ક્લાર્કની નાયબ ચીટનીસની ખાતાકીય પરીક્ષા મુદ્દે, તાલુકા વિકાસ અધિકારી સંવર્ગમાં વહીવટી સંવર્ગને બઢતી આપવા, ટીડીઓમાં બઢતી માટે નાયબ ચીટનીસને પડતી મુશ્કેલીઓ નિવારવા, સિનિયર ક્લાર્કને ટીડીઓમાં બઢતી માટે ફીડર કેડરમાં સમાવવા, વહીવટ તથા હિસાબ સંવર્ગના બદલે કોમન કેડર કરવા જેવા મુદ્દાઓ અંગે ચર્ચા હાથ ધરાશે. આ ઉપરાંત ૧૨ તથા ૨૪ વર્ષના ૧૦-૨૦-૩૦ વર્ષ ઉચ્ચત્તર પગાર ધોરણ આપવા, આશ્રિત તરીકે રહેમરાહે નિમણૂંક આપવાની યોજના ફરીથી દાખલ કરવા, કેન્દ્ર સરકારના ધોરણે પગાર પંચ મુજબ તમામ લાભો આપવા, પંચાયત સેવાના વર્ગ-૩ના કર્મચારીઓનું મહાઅધિવેશન બોલાવવા બાબત, વર્ષ-૨૦૦૬ની પહેલા ફિક્સ પગારથી નિમાયેલા કર્મચારીઓના પ્રશ્નો અને વર્ષ ૨૦૧૭માં મહામંડળની પુનઃ રચના બાદ વર્ષ દરમ્યાન મહામંડળ દ્વારા કરવામાં આવેલ કામગીરીની સમીક્ષા અને મહામંડળની વાર્ષિક ફી સહિતના મુદ્દાઓને વાર્ષિક સાધારણ સભામાં આવરી લેવાશે.

સે-૨૬ કિસાન નગર નવરાત્રી મહોત્સવ સમિતિના હોદેદારોની વરણી કરાઈ

ગાંધીનગર, તા.૩

કિસાન નગર સેકટર-૨૬ નવરાત્રી મહોત્સવ સમિતિના સભ્યોની તાજેતરમાં બેઠક યોજાઈ હતી. જેમાં નવરાત્રી મહોત્સવ સમિતિ અને વસાહત મંડળ સે-૨૬ ના હોદેદારોની વરણી કરાઈ છે. જેમાં પ્રમુખ તરીકે સાંકળચંદ એસ.પટેલ, મહામંત્રી તરીકે નટુભાઈ.જે.ચૌધરી, ઉપપ્રમુખ તરીકે રાજેન્દ્રસિંહ ગોલ, અને વિષ્ણુભાઈ ચૌધરી, ખજાનચી તરીકે રાજેન્દ્રસિંહ બારડ, સહમંત્રી તરીકે મહેશભાઈ પુરોહિત અને ઓડીટર તરીકે ઈન્દ્રવદન પંડયાની વરણી કરાઈ છે. તમામ સર્વાનુમતે ચુંટાઈને આવેલા સભ્યોને વસાહતીઓએ શુભેચ્છાઓ પાઠવી હતી.

ગાંધીનગર શહેરની સમર્પણ શાળાના ૧૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ આજે ફાયર બિગ્રેડની મુલાકાત લીધી હતી. ફાયર કર્મચારીઓ દ્વારા વિદ્યાર્થીઓને આગ, હોનારત અને પાણીમાં ડુબતી વ્યકિતને કેવી રીતે બચાવવામાં આવે છે અને ફાયરની સંપૂર્ણ કામગીરી વિસ્તાર પૂર્વક બાળકોને સમજાવવામાં આવી હતી.

ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિની કારોબારી મીટીંગ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ એક અખબારી યાદીમાં જણાવે છે કે ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ડૉ. કૌશિક શાહના અધ્યક્ષસ્થાને શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિની કારોબારીની મીટીંગ તા. ૪-૧૦-૧૮ને ગુરૂવારના રોજ બપોરના ૨ કલાકે સે. ૨૨, કોંગ્રેસ કાર્યાલય ખાતે રાખવામાં આવેલ છે. આ કારોબારી મીટીંગમાં ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા, પ્રદેશ નિરીક્ષકો, પ્રદેશ મહામંત્રી નિશિતભાઈ વ્યાસ, વિપક્ષ નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા અને પૂર્વ પ્રમુખો તેમજ અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહી માર્ગદર્શન પુરૂ પાડશે. આ મીટીંગની કાર્યસુચીમાં 'કોંગ્રેસ આપને દ્વાર' અંતર્ગત જનસંપર્ક અભિયાન, ધનસંગ્રહ અભિયાન, મિશન-૨૦૧૯ની લોકસભાની ચૂંટણી અને શક્તિ પ્રોજેક્ટની કામગીરી અંગેની ચર્ચા કરવામાં આવશે.

પોસ્ટલ પેન્શનર્સ એસોસીએશનની ૧૮મી સાધારણ સભા સંપન્ન

પોસ્ટલ પેન્શનર્સ એસોસિએશન ગાંધીનગરની તાજેતરમાં સંપન્ન થયેલ ૧૮મી સાધારણ સભામાં ૧૬ મહેમાનો, ૩ વિશિષ્ટ પ્રતિભાઓ, ૨૩ વડીલો તેમજ ૧૫ સંનિષ્ઠ કાર્યકરોને ૩૦૦ જેટલા સભ્યોની ઉપસ્થિતિમાં સન્માનિત કરવામાં આવ્યા હતા.

મગોડી રાહેલબા વૃદ્ધાશ્રમ ખાતે ૧લી ઓક્ટોબર વૃદ્ધદિનની ઉજવણી

મગોડી સ્થિત રાહેલબા વૃદ્ધાશ્રમ ખાતે ૧લી ઓક્ટોબર વિશ્વ વૃદ્ધદિન નિમિત્તે નિર્મળ સેવા ટ્રસ્ટ દ્વારા વૃદ્ધ નાગરિકોને હૂંફ-પ્રેમ-પ્રેરણા મળે તેવા હેતુસર સંસ્થામાં જિલ્લા સમાજ સુરક્ષાની કચેરીમાંથી પ્રોબેશન ઓફિસર અમિતભાઈ પટણી તથા શિતલબેન રાવલે મુલાકાત લઈ વૃદ્ધોને પ્રેરણાદાયી સંબોધન કરી સંસ્મરણો વાગોળ્યા હતા. મગોડી ગામના ડૉ. અલ્પેશભાઈ પટેલે મેડીકલ કેમ્પ દ્વારા સેવા પુરી પાડી હતી. સંસ્થા વતી યશવંતસિંહ ઝાલા એ નિર્મળાબેને દરેક મહેમાનોનો આભાર માન્યો હતો.

સરકારી પોલિટેકિનક ગાંધીનગર ખાતે આજરોજ ૨-ઓક્ટોમ્બર રાષ્ટ્રપિતાની ૧૫૦મી જન્મજયન્તિ નિમિતે પ્રભાત ફેરી,ગાંધી વિચાર અદ્યયન, તથા તેઓના પ્રિય ભજનોનું ગાન કરેલું હતું. જેમાં વિધાર્થીઓએ તથા વ્યાખ્યાતાઓએ હોંશભેર ભાગ લીધો હતો.

ચિલોડા ખાતે ગાંધી જન્મજયંતી નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાયા

ચિલોડા, તા. ૩

ગાંધીનગર તાલુકાના ચિલોડા રાજીવભવન ખાતે મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણી નિમિત્તે ચિલોડા ગ્રામ પંચાયત તથા ચિલોડા હોમગાર્ડઝ સબ યુનિટના સંયુક્ત ઉપક્રમે ગામના સરપંચ શ્રીમતી વસુમતીબેન ડી. પટેલના અધ્યક્ષસ્થાને વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગ્રામપંચાયતના સભ્યો, હોમગાર્ડઝ યુનિટના ઈન્ચાર્જ ઓફિસર નટુભાઈ સોલંકી, શિક્ષણવિદ્ નટુભાઈ પટેલ, હોમગાર્ડઝ યુવાનો સહિત ગામના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે સૌ પ્રથમ ગ્રામ પંચાયતના હોલમાં ગાંધી બાપુની પ્રતિમાને ફૂલહાર પહેરાવી-પુષ્પોથી મહાનુભાવોના હસ્તે પુષ્પાંજલી અર્પવામાં આવી હતી. આ પ્રસંગે નટુભાઈ પટેલે શિક્ષણ દ્વારા ગાંધી બાપુના જીવનકવન અંગેના ઐતિહાસિક પ્રસંગો દ્વારા પ્રાસંગિક પ્રવચન આપી પ્રેરણાદાયી સંદેશો પાઠવ્યો હતો. આ કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ અગ્રણીઓ, યુવાનો, જવાનો દ્વારા ગાંધીજીનું પ્રિય ભજન ગાઈ પ્રાર્થના કરી હતી. ત્યારબાદ સ્વચ્થતા હી સેવાના મંત્રને ચરિતાર્થ કરવાના તમામ મહાનુભાવો દ્વારા ગામ સફાઈની ઝુંબેશ ચલાવી હતી. સ્વચ્છતા અભિયાનરૂપે સમગ્ર ગામના જાહેર માર્ગો, મંદિરો, શૌચાલયો, શૈક્ષણિક સંસ્થાઓ વગેરે વિસ્તારોમાં સ્વચ્છતા કાર્યક્રમ દ્વારા ગાંધી બાપુ જન્મજયંતીની ભવ્ય ઉજવણી કરવા ઉત્સાહપ્રેરક માહોલ સર્જાયો હતો.

શ્રી જગદીશ અબોટી બ્રહ્મસમાજ અમદાવાદ ગાંધીનગરનો સ્નેહમિલન સમારંભ યોજાયો

અમદાવાદ, તા.૩

શ્રી જગદીશ અબોટી બ્રહ્મસમાજ અમદાવાદ-ગાંધીનગરનો દસમો સ્નેહમિલન સમારંભ અમદાવાદ ખાતે યોજાયો હતો. મૂળ સૌરાષ્ટ્રના વતની પરંતુ વ્યવસાય અર્થે અમદાવાદમાં વસેલા શ્રી જગદીશ અબોટી બ્રહ્મસમાજના કુલ ચાલીસેક પરિવાર દ્વારા દરવર્ષે એકવાર સ્નેહમિલન સમારંભ યોજવામાં આવે છે.

શ્રી જગદીશ અબોટી બ્રહ્મસમાજના દસમાં સ્નેહમિલનમાં ૬૦ વર્ષથી ઉપરના ૧૬ વડીલ મહિલાઓને "શ્રી રાધાઅવતાર" નામનું પુસ્તક આપી સન્માનિત કરવામાં આવ્યા હતાં. તેમજ સમાજના ૩ યુવાનો અને ૭ બાળકોએ ગત વર્ષે જુદા-જુદા ક્ષેત્રોમાં કરેલા ઉત્કૃષ્ઠ પ્રદાનને સમાજ તરફથી શિલ્ડ આપી બિરદાવવામાં આવ્યા હતા. આ સ્નેહમિલનમાં વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન ધોરણ ૧ થી ૧૨માં અભ્યાસમાં સારા પરિણામ સાથે ઉત્તીર્ણ થયેલા સમાજના બાળકોને સમાજ તરફથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ સ્નેહમિલન સમારંભમાં બાળકો દ્વારા ઉત્કૃષ્ટ યોગાસનના દર્શાવવામાં આવ્યા હતા. આ સ્નેહમિલન સમારંભમાં ધોરણ ૧ થી ૫માં ભણતા બાળકોની ચિત્રસ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં ૧૦ બાળકોએ ભાગ લીધો હતો. તેમજ ધોરણ ૬ થી ૧૨માં ભણતાં બાળકો માટે ગાંધીવિચારધારા ઉપર વકૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. ચિત્રસ્પર્ધામાં વિજેતા પ્રથમ ત્રણ બાળકોને સમાજ તરફથી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા, તેમજ વકૃત્વ સ્પર્ધાના વિજેતાઓને રોકડ પુરસ્કાર આપવામાં આવ્યા હતા, તેમજ સ્પર્ધામાં ભાગ લેનાર અન્ય બાળકોને પણ સમાજ તરફથી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. આ સ્નેહમિલનમાં રાસ-ગરબા તેમજ સંગીત સંધ્યા યોજવામાં આવી હતી. શ્રી જગદીશ અબોટી બ્રહ્મસમાજ અમદાવાદના સ્નેહમિલનની ખાસિયત એ છે કે સતત દસ વર્ષથી થતા સ્નેહમિલનનો કાર્યક્રમ કોઈપણ પ્રકારની નેતાગીરી વગર સમાજના ખંતીલા યુવાનો અને વડીલોના માર્ગદર્શનથી યોજવામાં આવે છે.

માહિતી 'સેતુ' સંગઠન દ્વારા અભ્યાસ પ્રવાસ યોજાયો

ગુજરાત રાજ્યના માહિતી ખાતાના નિવૃત્ત અધિકારી અને કર્મચારીઓના સંગઠન 'સેતુ'ના ઉપક્રમે સુરેન્દ્રનગર જિલ્લાના અભ્યાસ પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. સેતુના સભ્યોએ સરદાર સરોવર નર્મદા નિગમની સૌરાષ્ટ્ર શાખા નહેરના ઢાંકી ગામે આવેલ પંપીંગ સ્ટેશનની મુલાકાત દરમિયાન મદદનીશ ઈજનેર પી.વી. પંચાલે પ્રેજન્ટેશન અને વીડિયો શૉ મારફત વિસ્તૃત જાણકારી આપી હતી. આ પંપીંગ સ્ટેશનેથી પાણીને લીફ્ટ કરીને કુલ ૭૧ મીટર ઊંચાઈએ જુદા જુદા ચાર સ્થળોએથી પાણીને ઉપર ચડાવી સૌરાષ્ટ્રમાં પહોંચાડવાની અદ્‌ભૂત કામગીરી થાય છે.

સેતુના સભ્યોએ વઢવાણ તાલુકાના નગરા ગામે આવેલ પરમહંસ આશ્રમની મુલાકાત લીધી હતી. સ્વામી શ્રદ્ધાનંદ સરસ્વતી તથા પૂજ્ય બહેનજીએ આશ્રમની પ્રવૃત્તિઓ વિશે સમજ આપી હતી. પૂર્વ નાયબ માહિતી નિયામક ભૂપેન્દ્ર દવેએ સેતુ દ્વારા હેતુલક્ષી પ્રવાસો આશીર્વાદરૂપ થયાનું જણાવ્યું હતું.

સુરેન્દ્રનગરની બહુહેતુલક્ષી સંસ્કારતીર્થ વિદ્યાલયની તથા દૂધરેજના શ્રીમતી લલિતોબન ભોજવિયા વૃદ્ધાશ્રમની પણ મુલાકાત લીધી હતી.

ગાંધીનગરના ઘ-૫ સર્કલ નજીક ફૂડકોર્ટ ચોપાટી ખાતે તમામ ખાણીપીણીના વેપારીઓ દ્વારા રાષ્ટ્રપિતા પૂ. મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે 'સ્વચ્છતા અભિયાન' હાથ ધરવામાં આવ્યું હતું. આ સ્વચ્છતા અભિયાનમાં તમામ વેપારીઓએ સાથે મળી ફૂડકોર્ટ ચોપાટી સહિત તેની આસપાસના ૨૦ મીટરના એરિયાને સ્વચ્છ બનાવ્યો હતો.

કચેરી ખાતે માસિક ધોરણે વાહન સુવિધા ૨૫૦૦ કિ.મી. ફીક્સ (ઈનોવા એસી તેમજ સ્વિફ્ટ ડીઝાયર એસી) વાહન હંકારનારની સેવા સાથેના ભાવ અને એક્સ્ટ્રા પ્રતિ કિ.મી.ના ભાવ (જીએસટી અલગથી) પુરા પાડવા રસ ધરાવતી એજન્સીઓને જાહેરાત પ્રસિદ્ધ થયેથી દિન-૦૭માં બંધ કવરમાં ભાવ કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી, ગાંધીનગર, ત્રીજો માળ, બિરસા મુંડા ભવન, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર ખાતે રજી.પોસ્ટથી પહોંચતા કરવા આમંત્રિત કરવામાં આવે છે.